દાખલ તારીખ: ૧૯/૧/૨૦૨૬

નોંધણી તારીખ: ૧૯/૧/૨૦૨૬

ફેસલ તારીખ: ૩૦/૦૩/૨૦૨૬

સમયગાળો:–<u>વર્ષ: માસ: દિવસ:</u>

=========================================

**સાણંદના મહે.એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.**

=========================================

**ક્રિમીનલ કેસ.નં.–૯૯/૨૦૨૬**

**આંક:–**

**ફરિયાદી:– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:– નીતાબેન ભાઈલાલભાઈ ચુનારા**

રહે.મોરૈયા, સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય)

=========================================

**ગુનો :– ધી પ્રોહી એકટ કલમ–૬૫(એ)(એ) મુજબ.**

=========================================

**<u>ફરિયાદપક્ષ તરફે– વિ.એ.પી.પી.શ્રી એન.આર.રાણા.</u>**

**<u>આરોપી તરફે –વિ.વ.શ્રી એ.આર.દરજી</u>**

=========================================

**<u>–:: ઠ રા વ ::–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજામા વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વીસ લીટર કરતા ઓછો દેશીદારૂ રાખી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ પો.સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનુ ચાર્જશીટ ત.ક.અ. દવારા અત્રેની કોર્ટમાં કરવામા આવેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા બી.એન.એન.એસ. ની કલમ– ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડી, આક્ષેપીત ગુના સંબંધે તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી,સમજાવી થી જવાબ લેતા આરોપીએ ગુનાનો ઈનકાર કરતા આ કામના આરોપી વિરુધ્ધ ગુનાની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| | –:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો::– | |
|---|---|---|
| **અનુ.નં .** | **સાહેદનુ નામ** | **આંક** |
| ૧ | પંચસાહેદ વિજયભાઈ ભીખાભાઈની જુબાની | ૦૯ |
| ૨. | પંચનામાની નકલ | ૧૦ |
| ૩. | પંચસાહેદ કેયુરભાઈ કાળુભાઈની જુબાની | ૧૧ |
| ૪. | ફરીયાદ | ૧૨ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ કેસના સંજોગો દયાને લેતા, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમા, નામ. સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, '' **સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન'' તથા (૨૦૦૮) ૯, એસ.સી.સી., ૬૭૭,'' નિખિલ મરચન્ટ વિસીબીઆઈ.' તથા (૨૦૦૮) ૪, એસ.સીસી., ૫૮૨,'' મદનમોહન વિ.સ્ટેટ ઓફ પંજાબ'** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત કે, જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત દયાને લઈ, ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામા આવેલ હોય તથા આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબ ના મુદાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદા ::–

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજામાં

વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વીસ લીટર કરતા ઓછો દેશીદારૂ રાખી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

(૬) ઉપરોકત મુદા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) સબબ કામે ફરીયાદપક્ષના પંચ સાહેદોને તપાસવામા આવેલ છે, સદર બંને પંચો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને બોલાવીને એક તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી તે સિવાય હાલના કામે બીજુ કઈ તેઓ જાણતા નથી, વળી એ સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફકત તૈયાર પંચનામામા સહી કરેલી, તે સિવાય બીજુ કાંઈ જાણતા નથી. વિ.એ.પી.પી.શ્રી દવારા બંને પંચોને વિમુખ જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં તેઓએ પંચનામાની વિગતને લેસ માત્ર સમર્થન આપેલ નથી. તેથી સદરહુ પંચનામુ પુરવાર થયેલ નથી.

(૮) સદર કામે તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામા આવેલ આખરી અહેવાલ જોવામા આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સિવાય ના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ ક્રી.લો.જ.મહા.૪૨૧)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદો દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંધપર ની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. તથા નામ.ગુજરાત ઉચ્ચ અદાલતના **THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) 2016 (4) GLR 31** ના ચુકાદામાં ઠરાવવામાં

આવેલ છે કે, "In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."

(૯) આમ, આ કેસની વિગતવાર સમીક્ષા અને રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટપુર્વક અવલોકન કરતાં, આ કેસમાં, ફરીયાદપક્ષ દવારા આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) હેઠળ ગુનો નોંધવામા આવેલ હતો. ફરીયાદપક્ષનો આક્ષેપ હતો કે આરોપીના કબજામાંથી ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો જપ્ત કરવામા આવેલ હતો, જે પ્રોહીબીશન એકટની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરે છે. આ આક્ષેપોને આધારે, પોલીસે આરોપીની ધરપકડ કરી હતી અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવાઓ અને સાક્ષીઓના નિવેદનોનું વિશ્લેષણ કરતાં આ કેસમાં પંચનામુ એક મુખ્ય પુરાવો તરીકે રજુ કરવામા આવેલ હતું. પંચનામા અનુસાર, બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આરોપી પાસેથી દારૂનો જથ્થો જપ્ત કરવામા આવેલ હોવાનુ જણાવાયુ હતું. પંચનામુ એ એક એવો દસ્તાવેજ છે જે કાર્યવાહીની વિશ્વસનીયતા અને પારદર્શકતા સ્થાપિત કરવા માટે અત્યંત મહત્વનો હોય છે. જોકે, આ કેસમાં પંચનામાની વિશ્વસનીયતા પર ગંભીર પશ્નો ઉભા થાય છે. બંને પંચોએ તેમના નિવેદનોમાં ફરીયાદપક્ષના આક્ષેપોને સમર્થન આપેલ નથી. તેમના નિવેદનોમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, તેમની હાજરીમાં દારૂ જપ્ત થયો હોવાની હકીકત તેમને જાણ નથી. પંચનામુ બનાવવાની પ્રક્રિયા દરમિયાન તેઓ હાજર ન હતા, અથવા તેમના નિવેદનો ફરીયાદપક્ષના દાવાને નકારે છે. આ પરિસ્થિતીમાં પંચનામુ એક વિશ્વસનીય પુરાવો તરીકે ગણી શકાય નહી. પંચોના નિવેદનોમાં વિસંગતતાઓ અને તેમનુ ફરીયાદપક્ષના આક્ષેપોને નકારવુ એ દર્શાવે છે કે પંચનામુ કદાચ યોગ્ય રીતે તૈયાર કરવામા આવ્યુ નથી અથવા તેની પ્રક્રિયામા ખામીઓ હતી. આ બાબત ફરીયાદપક્ષના કેસને નબળો પાડે છે. કેસની સુનાવણી દરમિયાન રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવાઓનુ ઝીણવટપુર્વક

વિશ્લેષણ કરવામાં આવેલ. આ પુરાવાઓમાં પોલીસ દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો, જપ્તીના અહેવાલો, સાક્ષીઓના નિવેદનો અને અન્ય સંબંધિત પુરાવાઓમાં ફરીયાદપક્ષ દવારા એવો કોઈ નકકર પુરાવો રજુ કરવામા આવેલ નથી કે જે આરોપી પાસેથી દારૂ જપ્ત થયો હોવાની હકીકતને નિ:શંકપણે સાબીત કરે. ઉદાહરણ તરીકે, જપ્ત કરવામા આવેલ દારૂની ઓળખ, તેની માત્રા અથવા તેની સાથે આરોપીનો સીધો સંબંધ દર્શાવતા કોઈ દસ્તાવેજી પુરાવા નથી. ફરીયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલા સાક્ષીઓના નિવેદનોમાં પણ વિસંગતતાઓ જોવા મળે છે. પોલીસ દવારા રજુ કરવામા આવેલા અહેવાલોમાં પણ અસ્પષ્ટતા અને ખામીઓ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, જપ્તીની પ્રક્રિયા દરમિયાન યોગ્ય પ્રોટોકોલનુ પાલન કરવામા આવ્યુ હોવાનુ સ્પષ્ટ થતુ નથી, અને જપ્ત કરેલ દારૂની લેબોરેટરી તપાસનો અહેવાલ પણ રેકર્ડ ઉપર નથી. આ પુરાવાઓની અપૂર્તિ અને વિસંગતતાને કારણે, આરોપીની ગુનામાં સંડોવણીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. ભારતીય ન્યાય વ્યવસ્થામાં, ગુનો શંકાથી પર નિ:શંકપણે સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે. ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) હેઠળ આરોપીને તકસીરવાર ઠરાવવા માટે, ફરીયાદપક્ષે એ સાબીત કરવુ જરૂરી છે કે, આરોપીના કબજામાંથી દારૂ જપ્ત થયો હતો. આ દારૂ ગેરકાયદેસર હતો અને પ્રોહીબીશન એકટની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરતો હતો અને આરોપીની ગુનામા સીધી સંડોવણી હતી. જો આ બાબતોમાંથી કોઈ એક પણ શંકા રહે, તો આરોપીને શંકાનો લાભ મળે છે. આ કેસમાં ફરીયાદપક્ષે ઉપરોકત કોઈ પણ બાબતને નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળતા દર્શાવી છે. પંચનામાની અવિશ્વસનીયતા, પુરાવાઓનો અભાવ અને સાક્ષીઓના નિવેદનોમાં વિસંગતતાઓને કારણે, આરોપીની ગુનામાં સંડોવણી સાબીત થતી નથી. આથી, કાનૂની સિદધાંત અનુસાર, આરોપીને શંકાનો લાભ આપવો જરૂરી બને છે. આ પરિસ્થિતીમાં આરોપીને ગુનામા તકસીરવાર ઠરાવવુ ન્યાયના સિધ્ધાંતોની વિરુધ્ધ જણાય છે, આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુન્હો ફરીયાદપક્ષ નિ:શંકપણે શંકાથી પર સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ હોય

જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા ન્યાયોચીત જણાય આવે છે. જેથી, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

(૧). આ કામના આરોપી **નીતાબેન ભાઈલાલભાઈ ચુનારા** રહે.મોરૈયા, સાણંદ,અમદાવાદ (ગ્રામ્ય) નાઓને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨). આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ ની કલમ -૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

(૩). મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે, અન્યથા અપીલ સમયબાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(કે.વી.પાઠક)**
એડી.જયુડી.મેજી.ફ.ક.
સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય).
[કોડ નં. જી જે ૦૧૬૪૩ ]

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ: સાણંદ